ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0




## અમીત શાહનો પ્રવાસ ગાંધીનગર શહેરથી આરંભાશે

ગાંધીનગર, તા. ૬

કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહ ૮મીએ જિલ્લાના પ્રવાસે આવી રહ્યા છે. તેઓ જિલ્લાના પ્રવાસનો પ્રારંભ ગાંધીનગરથી કરશે.

તેઓ ગાંધીનગર રેલવે સ્ટેશન પર કુલડી બનાવવાની ઈલેક્ટ્રીક મોટરો વાળો ચાકડો સ્વસહાય જૂથની બહેનોને આપશે. આ પછી ચા ના સ્લોટનું લોકાર્પણ કરી સંવાદ પણ સ્વસહાય જૂથની બહેનો સાથે કરશે.

શાહ આ પછી પાનસર જશે જ્યાં તળાવના બ્યુટીફીકેશન પ્રોજેક્ટનું ખતામૂહુર્ત કરશે તેમજ પી.એચ.સી.ના નવા મકાનનું લોકાર્પણ કરશે. આ કાર્યક્રમ પતાવી તેઓ માણસા જશે. જ્યાં હોસ્પિટલની મુલાકાત લેશે તેમજ નવરાત્રી પર્વને લઈ તેમના વતનમાં માતાના મંદિરે આરતી અને પૂજા-અર્ચના કરી અમદાવાદ જશે.

શાહની આ મુલાકાતને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. તેઓ અધિકારીઓ સાથે પણ બેઠક કરનાર હોવાનું જાણવા મળેલ છે.

## રાજ્યમાં કોરોનાના નવા ૨૧ કેસ

ગાંધીનગર, તા.૬

રાજ્યમાં કોરોનાના નવા ૨૧ કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ ૧૮ દર્દીઓ રિકવર થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૫,૭૯૪ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે ગુજરાતનો કોરોના રિકવરી રેટ પણ સુધરીને ૯૮.૭૬ ટકાએ પહોંચ્યો છે.

તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૩,૩૩,૩૦૯ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૮૨ એક્ટિવ કેસ છે. જે પૈકી ૩ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૧૭૭ સ્ટેબલ છે. ૮,૧૫,૭૯૪ નાગરિકો અત્યાર સુધીમાં કોરોનાને હરાવી ચુક્યા છે.










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com